ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| હવામાન | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૯.૦° સે. | ૧૯.૦° સે. |
| બારડોલી | ૩૭.૦° સે. | ૧૮.૦° સે. |
| ભરૂચ | ૩૯.૦° સે. | ૧૮.૦° સે. |
| વ્યારા | ૩૭.૦° સે. | ૧૮.૦° સે. |



## સંક્ષિપ્ત સમાચાર

### ઓટા ગામે ૭.૮૩ લાખનો દારૂ ઝડપાયો

સોનગઢ: તાપી જિલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડે સોનગઢના ઓટા ગામ પાસે બાતમીના આધારે નાકાબંધી કરી સેલવાસથી આવતી એક લક્ઝરી જીપ કમ્પાસને આંતરી હતી. પોલીસને જોઈ ચાલકોએ વાહન ભગાડવાનો પ્રયાસ કરતાં પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી જીપ ઝડપી પાડી હતી, જેમાં સવાર રાણીઆંબાનો અનિલ ગામીત નામનો શખ્સ પકડાયો હતો. જ્યારે અન્ય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. તપાસ દરમિયાન કારના ચોરખાનામાંથી રૂ.૨.૫૩ લાખની કિંમતની વિદેશી દારૂની ૧,૬૪૨ બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૫ લાખની કાર અને મોબાઈલ સહિત કુલ રૂ.૭.૮૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ૫ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ ઉચ્છલ પોલીસને સોંપી છે.

### ધોળીકુઇમાં વાહન અડફેટે યુવકનું મોત

અનાવલ: મહુવાના ધોળીકુઇ ગામના સુખલા ફળિયામાં રહેતા ધર્મેશ ચંદુ ગરાસિયા (ઉં.વ.40) સાંજે પોતાના ઘર નજીક લટાર મારવા નીકળ્યા હતા. દરમિયાન ધોળીકુઇથી ફૂલવાડી તરફ જતા રસ્તા પર અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતાં ધર્મેશભાઈને સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. પરંતુ ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

### તળાદમાં જમીન પર પટકાયેલા વૃદ્ધનું મોત

સાયણ: ઓલપાડના તળાદ ગામે નવી કોલોનીમાં રહેતા 65 વર્ષીય કિશોરભાઈ વેલજીભાઈ રાઠોડને ગત 10મી તારીખે ખેંચ આવતા જમીન પર પટકાયા હતા. આથી તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી. સુરત સિવિલ હોસ્પિટલમાં પાંચ દિવસની સારવાર બાદ તેમનું મોત થયું હતું.

### નિઝરમાં મોટર-કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો

કુકરમુંડા: કુકરમુંડાના કોઠલી અને અંતુર્લીની સીમમાં થયેલી મોટર અને કેબલ ચોરીના ગુનામાં પોલીસે બાતમીના આધારે વાંકા ચાર રસ્તા પાસેથી ત્રણ શખ્સ લક્ષ્મણભાઈ હશરથભાઈ ભીલ (રહે.,બાલદા), ગણેશભાઈ ભગુભાઈ પાડવી (રહે.,વાંકા) અને આકાશભાઈ રાજુભાઈ નરભંવર (રહે.,વાંકા)ની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી તાંબાના તાર અને કેબલ સહિત કુલ રૂ. 24,000નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

### પીપોદરામાં વાહન અડફેટે યુવાનનું મોત

હથોડા: પાલોદ પોલીસની હદના પીપોદરા-બંભોરા નજીક હાઇવે પરથી પસાર થતાં કોઈ અજાણ્યા વાહને 25 વર્ષના અજાણ્યા યુવાનને અડફેટે લેતાં તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ બનાવની જાણ થતાં પાલોદ પોલીસે લાશનો કબજો લઈ તપાસ હાથ ધરી છે.

### સતોલામાં કેબલ ચોરીના બે આરોપી ઝડપાયા

કુકરમુંડા: તાપી એલ.સી.બી. પોલીસ અને પેરોલ ફર્લો સ્ક્વોડે સતોલા ગામે શ્રી ગણેશ કોર્પોરેશન નવસારીના સોલાર પ્લાન્ટમાંથી રૂ.3.05 લાખના કેબલ વાયરની ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. ટેકનિકલ બાતમીને આધારે મહારાષ્ટ્રના બે શખ્સ સાહેબરાવ દયારામ મારનર (ઉં.વ.૨૫) (રહે.,આંબાપુર, તા.સાક્રી, જિ.ધુલિયા, મહારાષ્ટ્ર) અને મોતીરામ ઉર્ફે કાલુ ચિંધાભાઇ બાચકર (ઉં.વ.32) (રહે.,લખમાપુર, તા.સાક્રી, જિ.ધુલિયા)ને રૂ.20,000ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપીને વોન્ટેડ જાહેર કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### કોસાડી ગામે પિતા-પુત્ર ઉપર હુમલો

વાંકલ: કોસાડી ગામે મસ્જિદના પ્રમુખની વરણીના વિવાદમાં પિતા-પુત્ર પર હિંસક હુમલો થયો હતો. જામા મસ્જિદમાં ટ્રસ્ટની બેઠક દરમિયાન યાસીન અહમદ કોતરે ગ્રામજન તરીકે પોતાનો મત રજૂ કરતા મહંમદ અયૂબ કારા નામના શખ્સે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ પિતા-પુત્ર જ્યારે મસ્જિદ પાસેથી પસાર થતા હતા, ત્યારે આરોપીઓએ લાકડી-પથ્થર વડે હુમલો કરી યાસીનભાઈને માથામાં ઈજા પહોંચાડી હતી. હુમલાખોરોએ હત્યાની ધમકી આપી ફરાર થતાં માંગરોળ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### જોળવા ગામે આધેડે ફાંસો ખાધો

પલસાણા: પલસાણાના જોળવા ગામે આવેલી ‘સ્વર્ગ રેસિડન્સી’ના મકાન નં.૧૬૭ માં રહેતા નારાયણ ભાવરાવ પાટીલ (ઉં.વ.૫૬)એ ગત તારીખ ૧૨/૦૨/૨૦૨૬ના રોજ રાત્રે પોતાના ઘરના ઉપરના રૂમમાં બારીની ગ્રીલ સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

### પીએમશ્રી બેજ પ્રાથમિક શાળાનું ગૌરવ




કુકરમુંડા: કુકરમુંડા તાલુકાની બેજ પ્રાથમિક શાળા પીએમશ્રીના વિદ્યાર્થીઓએ NMMS પરીક્ષામાં ઉત્તમ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. આ પરીક્ષામાં શાળાના કુલ 45 વિદ્યાર્થીએ ભાગ લીધો હતો, જેમાંથી 33 વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક પાસ થયા છે.

# સાયણમાં થર્મોકોલની ફેક્ટરીમાં આગ

**ફેક્ટરીની** મશીનરી, થર્મોકોલ, વજન કાંટો, વાયરિંગ સહિતનો સામાન બળીને ખાખ





જયેશ પટેલ

સાયણ: સાયણ સુગર રોડ ઉપર આવેલ થર્મોકોલમાંથી દાણા બનાવવાની ફેક્ટરીમાં શનિવારે સાંજના સુમારે આગ લાગતાં ફેક્ટરી માલિકનો લાખો રૂપિયાનો સામાન સ્વાહા થઈ ગયો હતો. જો કે, આગ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ ન થવાથી સ્થાનિકો અને સરકારી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

સાયણ સુગર રોડ ઉપર કૃષ્ણકૃપા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ-૨ના પ્લોટ નં-૧૪/૧૫ના રમણ કમ્પાઉન્ડમાં સુરત શહેરમાં રહેતા અજય મનહરલાલ ચોકસીના પરિવારની ‘ઢીંગલી પોલીમર’ નામની થર્મોકોલમાંથી દાણા બનાવવાની ફેક્ટરી આવેલી છે. ફેક્ટરી માલિક અજય ચોક્સીના બનેવીનું અવસાન થતાં આ પરિવાર શનિવાર, તા.૧૪ના રોજ સદગતના બેસણામાં જતાં ફેક્ટરી બંધ હતી. આ ફેક્ટરીમાં શનિવારે સાંજે અગમ્ય કારણોસર અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આ આગની જ્વાળાએ ફેક્ટરીમાં સંગ્રહ કરેલો થર્મોકોલ સામાન, દાણા, વજન કાંટો, મશીનરી સહિત વાયરિંગને લપેટમાં લેતાં આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. જો કે, આગ દુર્ઘટનાથી ફાયર વિભાગમાં કોલ કરાતાં કામરેજથી ફાયર બ્રિગેડના વિજય ટંડેલનો સ્ટાફ બે ફાયર બંબા સાથે

ઘટના સ્થળે આવ્યો હતો અને મહામુસીબતે આગને ઓલવી કાબૂમાં લીધી હતી. જ્યારે આગની જાણ થતાં પોલીસ તંત્ર પણ દોડતું થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ ન થવાથી સ્થાનિક લોકો અને અન્ય ફેક્ટરી માલિકોએ રાહતનો દમ લીધો હતો. જો કે, ફેક્ટરીમાં આગ લાગ્યાની જાણ થતાં મોડી સાંજે ફેક્ટરી માલિક અજય ચોક્સીનો નાના ભાઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગ દુર્ઘટનાથી ફેક્ટરીને થયેલા નુકસાન મામલે સરવે કરાવવાની કામગીરી હાથ ધરી હતી. ફેક્ટરીની દેખરેખ રાખતા નાથુભાઈએ કહ્યું હતું કે, નુકસાની સરવે બાદ અમે પોલીસ મથકમાં આગ દુર્ઘટનાથી નુકસાનની ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરીશું.

### મહુવાના બારતાડ ગામે ગોળના કોલા નજીક બગાસમાં આગ



મેહુલ પટેલ

અનાવલ: મહુવાના બારતાડ ગામે વહેલી સવારે ગોળ બનાવવાના કોલા નજીક ગોળ તૈયાર કરવા માટે સંગ્રહિત કરવામાં આવેલા વિશાળ બગાસના જથ્થામાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આગ લાગતાં વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ બારડોલી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવા કામગીરી હાથ ધરી હતી. આ બનાવમાં અત્યાર સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. જો કે, બગાસના જથ્થાને મોટા પાયે નુકસાન થયાનું પ્રાથમિક અનુમાન છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# બારડોલી સુગર ઘરબેઠા ખેડૂતોને વિનામૂલ્યે સેન્દ્રીય ખાતર આપશે

**સહકારી** ક્ષેત્રના ઇતિહાસમાં પ્રથમવાર બારડોલી સુગરનો ક્રાંતિકારી નિર્ણય



બારડોલી: સહકારી ખાંડ ઉદ્યોગના ઇતિહાસમાં એક નવો અધ્યાય લખતા, એશિયાની અગ્રણી બારડોલી સુગર ફેક્ટરી દ્વારા ખેડૂતોના હિતમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને અભૂતપૂર્વ નિર્ણય લેવામાં આવ્યો છે. ફેક્ટરીના ઇનચાર્જ પ્રમુખ ભાવેશ પટેલ અને તેમની ટીમ દ્વારા લેવાયેલા આ નિર્ણય મુજબ, સહકારી સુગર મિલોના ઇતિહાસમાં પ્રથમ વખત ખેડૂતોને ઘરબેઠા વિનામૂલ્યે સેન્દ્રીય ખાતર પહોંચાડવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ ઐતિહાસિક યોજનાનો મુખ્ય ઉદ્દેશ જમીનની ઘટતી જતી ફળદ્રુપતાને બચાવવાનો અને ખેતીને ફરી ધમધમતી કરવાનો છે.

આ યોજનાની વિસ્તૃત વિગતો મુજબ, ફેક્ટરી દ્વારા અંદાજિત 24 હજાર એકર શેરડીના રોપાણ વિસ્તારને આવરી લેવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ખેડૂતોને પ્રતિ એકર 10 ગુણ સેન્દ્રીય ખાતર વિનામૂલ્યે સીધું જ તેમના ઘર સુધી પહોંચાડવાની કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. સામાન્ય રીતે ખેડૂતોએ ખાતર મેળવવા માટે ફેક્ટરી કે ડેપો સુધી ધક્કા ખાવા પડતા હોય છે, પરંતુ હવે ખેડૂતોને રાહત થશે. પ્રથમ તબક્કામાં 1લી ઓક્ટોબરથી 3જી ઓક્ટોબર સુધી રોપાણ કરનાર ખેડૂત સભાસદોને એકર દીઠ 10 ગુણ સેન્દ્રીય ખાતર આપવામાં આવશે. આ યોજના ભવિષ્યમાં લાભ રાખતા ખેડૂતો માટે પણ લાગુ કરવાની વિચારણા ચાલી રહી છે.

#### સેન્દ્રીય ખાતરનો ઉપયોગ વધારવા પર ભાર મુકાયો

આ નિર્ણય લેવા પાછળનાં મુખ્ય કારણોમાં છેલ્લા ઘણા સમયથી જોવા મળતું પ્રતિકૂળ વાતાવરણ અને રાસાયણિક ખાતરોનો અતિશય વપરાશ જવાબદાર છે. વધુ પડતા રસાયણોના ઉપયોગને કારણે જમીનનું બંધારણ બગડ્યું છે અને ફળદ્રુપતા જોખમાઈ છે, જેને કારણે દિન-પ્રતિદિન શેરડીના ઉત્પાદનમાં ચિંતાજનક ઘટાડો નોંધાઈ રહ્યો છે. જો આ પરિસ્થિતિ લાંબો સમય ચાલે તો સુગર મિલોના અસ્તિત્વ સામે પણ જોખમ ઊભું થઈ શકે તેમ છે. આથી સેન્દ્રીય ખાતરનો ઉપયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

#### ખેડૂતોના હિત માટે એક મજબૂત ડગલું

ભૂતકાળમાં કોઇ પણ સુગર ફેક્ટરીએ ન લીધો હોય તેવો સાહસિક નિર્ણય લઈને બારડોલી સુગર ફેક્ટરીએ ખેડૂતોના હિત માટે એક મજબૂત ડગલું ભર્યું છે. સેન્દ્રીય ખાતરના ઉપયોગથી જમીનમાં જૈવિક કાર્બનનું પ્રમાણ વધશે, જેનાથી જમીનની પાણી સંગ્રહવાની શક્તિમાં સુધારો થશે. આના પરિણામે માત્ર ઉત્પાદનમાં જ વધારો નહીં થાય, પરંતુ શેરડીની ગુણવત્તા અને રિકવરીમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળશે. આમ, આ યોજના દ્વારા ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવાની સાથે સાથે કૃષિ ક્ષેત્રે પર્યાવરણીય સંતુલન જાળવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે.

### તાતીથૈયાની સુમંગલ મિલમાં દાઝી ગયેલા યુવાનનું મોત

પલસાણા: પલસાણાના તાતીથૈયા ગામે આવેલી સુમંગલ મિલમાં કામ દરમિયાન સર્જાયેલા એક ગંભીર અકસ્માતમાં ૧૮ વર્ષીય શ્રમિક યુવાનનું મોત નીપજ્યું છે. ગત તા.૧૩ ફેબ્રુઆરીએ જેટ મશીન ખોલતી વખતે ગરમ પાણી અને વરાળની લપેટમાં આવી ગયેલા યુવાનનું સારવાર દરમિયાન મોત થયું હતું. મૂળ બિહારના સમસ્તીપુરના વતની અને હાલ તાતીથૈયાની શેખ મંજિલ બિલ્ડિં રહેતા છોટુકુમાર ગણેશભાઈ સહાની (ઉં.વ.૧૮) સુમંગલ મિલમાં મજૂરીકામ કરતા હતા. ગત શુક્રવારે વહેલી સવારે આશરે ૫:૩૦ વાગ્યે તેઓ નાઈટ ડ્યૂટી પર હતા, ત્યારે જેટ મશીનનું ઢાંકણું ખોલતી વખતે અચાનક અંદરથી અત્યંત ગરમ પાણી અને વરાળનો ફુવારો તેમના શરીર પર પડ્યો હતો. આ દુર્ઘટનામાં છોટુકુમાર આખા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. ઘટના બાદ સહકર્મીઓ દ્વારા તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને આઈ.સી.યુ. વોર્ડમાં દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી હતી. જો કે, ગંભીર રીતે દાઝી જવાને કારણે ટૂંકી સારવાર બાદ તેમનું મૃત્યુ નીપજ્યું છે. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે આ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કડોદરા અંડરપાસમાં ટાયર ફાટતાં કાર પલટી

**સદનસીબે** જાનહાનિ ટળી, વાહનવ્યવહાર ખોરવાયો

પલસાણા: કડોદરા ચાર રસ્તા નજીક આવેલા અંડરપાસમાં શનિવારે વહેલી સવારે એક ગંભીર કાર અકસ્માત સર્જાયો હતો. બારડોલીથી સુરત તરફ જઈ રહેલી એક નંબર પ્લેટ વગરની i-20 કાર સવારે સાત વાગ્યાની આસપાસ પૂરઝડપે અંડરપાસમાંથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી ગટરની લોખંડની જાળી પરથી પસાર થતી વખતે કારનું ટાયર અચાનક ફાટી ગયું હતું. ટાયર ફાટતા જ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બેકાબૂ બનેલી કાર રોડ વિભાજન માટેની લોખંડની ગર્ડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કાર ગુલાટો ખાઈને રોડની વિરુદ્ધ દિશામાં પલટી ગઈ હતી. સદનસીબે, આ અકસ્માતમાં કારચાલક કે અન્ય કોઈ વ્યક્તિને જાનહાનિ થઈ નથી, પરંતુ કારને ભારે નુકસાન પહોંચ્યું હતું. અકસ્માતને પગલે આસપાસના લોકો અને વાહનચાલકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને વાહનવ્યવહાર ખોરવાયો હતો.

ઘટનાની જાણ થતા જ સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પલટી ગયેલી કારને રસ્તા પરથી ખસેડી ટ્રાફિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી હતી. આ ઘટના બાદ અંડરપાસમાં મૂકવામાં આવેલી ગટરની લોખંડની જાળીઓ વાહનચાલકો માટે જોખમી હોવાનું સામે આવ્યું છે. સ્થાનિકોએ વહીવટી તંત્ર પાસે માર્ગ સલામતીનાં સાધનો વધુ મજબૂત બનાવવાની અને જાળીઓનું યોગ્ય સમારકામ કરવાની માંગ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વેલાછા હાઈસ્કૂલમાં ઇનામ વિતરણ સમારંભ



બ્રાહીમ કાનુ

હથોડા: વેલાછા વિભાગ કેળવણી મંડળ સંચાલિત દત્ત શિશુ વિહાર, વિનય વિદ્યામંદિર અને જય શંકર દાદા હાઇસ્કૂલમાં વાર્ષિક ઇનામ વિતરણ તથા ધોરણ 10-12ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રી વિમલકુમાર જૈન અને પ્રમુખ અશ્વિનસિંહ ઠાકોર હસ્તે તેજસ્વી તારલાઓ તથા રમત-ગમતના વિજેતાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરાયાં હતાં. આ પ્રસંગે વિમલકુમાર જૈન દ્વારા તમામ શિક્ષકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્યા જિજ્ઞાસાબેન વાંસદીયાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સફળતાની શુભેચ્છા પાઠવી હતી. વિશેષમાં, અમેરિકા સ્થિત વેલાછાના વતની વિપુલ મોદી તરફથી શાળાને ▯1 લાખનું ઉદાર દાન અર્પણ કરવામાં આવ્યું હતું.

### ઉકાઈની શાળાનાં મુખ્ય શિક્ષિકા સુજાતાબેન ચૌધરી વયનિવૃત્ત



સોનગઢ: ઉકાઈની વર્કશોપ કોલોની પ્રાથમિક શાળામાં ૩૮ વર્ષ સુધી જ્ઞાનની જ્યોત પ્રજ્વલિત રાખનાર મુખ્ય શિક્ષિકા સુજાતાબેન સુરેશભાઈ ચૌધરી તાજેતરમાં નિવૃત્ત થયાં છે. આ કાર્યક્રમમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દિલીપભાઈ પરમાર સહિત અન્ય અગ્રણીઓએ સુજાતાબેનના પ્રદાનને બિરદાવ્યું હતું. અંતમાં, શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ અશ્રુભીની આંખે તેમને વિદાય આપી તેમના સુખદ અને તંદુરસ્ત નિવૃત્ત જીવનની કામના કરી હતી.

### વ્યારામાં સયાજી ગ્રાઉન્ડ ખાતે સ્વદેશી મેળાનો પ્રારંભ



વ્યારા: સ્થાનિક કારીગરોની કળાને ઉજાગર કરી આત્મનિર્ભર ભારતના સંકલ્પને વેગ આપવાનાં ઉદ્દેશ્યથી તાપીના જિલ્લા મથક વ્યારામાં સયાજી ગ્રાઉન્ડ ખાતે 14મી ફેબ્રુઆરીથી 23મી ફેબ્રુઆરી સુધી વ્યારા નગર પાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આગામી ૧૦ દિવસ સુધી ચાલનારા આ મેળામાં ૫૦થી વધુ સ્ટોલ્સ દ્વારા હસ્તકલા, ખાદી, આયુર્વેદિક ઉત્પાદનો અને માટીકામ જેવી સ્વદેશી ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે, જેનો લાભ નગરજનો સવારે ૧૦થી રાત્રે ૧૦ વાગ્યા સુધી લઈ શકશે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**પાપડ અચાર**
સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે. Free Home Dilevery Mo. 9099645605 Surat. Bhagal (797)

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (831)

**કાર ડ્રાઈવર મળશે**
પ્રવાસમાં જવા, ઘરબેઠાં કાર શીખવા મેન્યુઅલ ઓટોમેટીક કાર ૯૮૨૫૨૬૩૪૨૯

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**હિમાલયા હોલીડે**
(1) ચારધામ યાત્રા મેં મહિનામાં (2) કાશ્મીર (3) શિમલા મનાલી (4) દાર્જીલિંગ ગેંગટોક, પેલીંગ Mo:- 9427803273/ 9825142005 (812)

**બાલાજી ટુર્સ**
(નેપાળ, વારાણસી 20-04, 11-05) (ગેંગટોક, દાર્જિલિંગ 20-04, 11-05) (ચારધામ 05-05, 15-05) 9824422116

**ચારધામ યાત્રા**
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ શાહ. 9426157371.

**(સાગર- 9427113317)**
ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી,

**નોકરી વિષયક**

**પટાવાળા જોઈએ છે**
સી. એ. ઓફિસ માટે એસએસસી પાસ- નાપાસ પટાવાળા જોઈએ છે. મળો. જશવંત પી. પટેલ એલ- ૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં નાનપુરા સુરત (832)

**તાત્કાલિક જોઈએ છે**
10 પાસ હેલ્પર- ગાર્ડ- લોડર, સુપરવાઈઝર- પુરુષ/ મહિલા ઉમેદવારો માટે, (પગાર: 28,000- 45,000) રહેવા- જમવાની સુવિધા 7827453997

**જોઈએ છે**
ઓફિસ વર્ક માટે છોકરી (10 પાસ) અઠવાલાઈન્સ સુરત Call 9825338389

**કતારગામમાં ઓફિસ**
કામ અને ડિલિવરી માટે સ્ટાફ જોઈએ 9979527161

**ભાડે આપવાની છે**
M.N.C, કોર્પોરેટ ઓફિસ, ઈન્સ્યુરન્સ કંપની, જીમ, ડોકટર કન્સલટન્સી, સર્વિસ સેન્ટર વગેરેને લાયક ઓફિસ લોંગ લીઝ પર આપવાની છે
2100 SQFT INTERNATIONAL WEALTH CENTER VIP ROAD, VESU
9512917163

**જરૂરીયાત છે-**
સેલ્સમેન (માર્કેટિંગ) અમારી કંપનીમાં કેમિકલ સંબંધિત માર્કેટિંગ કાર્યમાટે અનુભવી સેલ્સમેનની જરૂર છે. ઉમેદવાર પાસે ઓછામાં ઓછો 2- 3 વર્ષનો સેલ્સ અને માર્કેટિંગ ક્ષેત્રનો અનુભવ હોવો આવશ્યક છે. સારો કોમ્યુનિકેશને સ્કિલ, ક્લાઈન્ટ હેન્ડલિંગ ક્ષમતા અને માર્કેટની સમજ જરૂરી છે. રસ ધરાવતા ઉમેદવારો તાત્કાલિક સંપર્ક કરે. 9727870269, 9909283482

**લોનની કંપની માટે**
ટેલીકોલર છોકરી જોઈએ છે પાર્ટટાઈમ/ ફુલ ટાઈમ Location: નાનપુરા સુરત મો:- 9586817707

**FOR Sell**
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

**મિલ્કત વેચવાની છે**

**વેચવાનો છે**
1 BHK ફ્લેટ વેચવાનો છે નાનપુરાના શાંત વિસ્તારમાં ગોપીનાથ ફરસાણની ગલીમાં Mo.No. 9427519026 (827)

**બંગલો વેચવાનો છે**
230 ચો. વાર ગ્રાઉન્ડ + 2 ફ્લોર (5 BHK) 6 સર્વોદય પાર્ક સોસાયટી વિવેકાનંદ ગાર્ડનની બાજુમાં ભટારરોડ સુરત સંપર્ક: 9825473666 (829)

**2 બેડરૂમ, હોલ**
કિચનનો ફ્લેટ ભાઠા ગ્રીનસિટીમાં વેચવાનો છે. 9016675711 (830)

**ભટાર રોડ**
2 BHK ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. 9825088402, 9825919637

**હોસ્પિટલને ભાડે આપેલી પ્રોપર્ટી વેચવાની છે- વેસુ, સુરત**
VIP રોડ, વેસુ, યુનિટ: 818 Sq.Ft. કાર્પેટ (મેડિકલ ફ્લોર), શરૂઆતનું ભાડું: રૂ. 57,260/- મહિને દર વર્ષે 5% ભાડામાં વધારો. 15 વર્ષની લીઝ/ 5 વર્ષ લોક-ઈન
Call Now: 9724230670

**કોમર્શીયલ રેસીડેન્ટ**
માટે વેચાણ હરિપુરા ભવાની મંદીર પાસે રોડ ટચ ૧૮'X૬૦' ની નિકાલવાળુ ચાર માળે ફ્લેટ ત્યા ભોયતળીય દુકાન ગોડાઉન માટે ૫૦ વર્ષ ચાલે એવું R.C.C. નું મકાન (દલાલ માફ) ભવાની એસ્ટેટ ૯૯૯૮૯૩૪૧૫૪ (834)

**પીપલોદ, વેલેન્ટાઈન**
નજીક, 5- બેડરૂમ, પાર્કિંગ વાળું રોહાઉસ વેચવાનું 9824510255

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK ફુલ્લી ફર્નિચર સાથે, નીલકંઠ એવન્યુ, B- 203, પાલ લેક તળાવ પાસે, મો- 9016157488

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK 1280 સ્કવેર ફીટ, હવા ઉજાસ અને સેમી ફર્નીશ્ડ વાળો વૈષ્ણોદેવી ચાર રસ્તા દેવશ્રી બેનીટો મેઈન રોડ 9714497771

**મિલ્કત જોઇએ છે**

**જોઈએ છે**
2 BHK Flat ઘોડદોડ રોડ, ભટાર, પાલ વિસ્તારમાં M.NO. 9427519026 (828)

**મિલ્કત ભાડે-વેચાણ**

**વેચાણ - ભાડે**
નાનપુરા ટચ રોડ, ગુજરાતી કન્યાશાખા પાસે બીજે માળે ૧૨'X૪૫' નો ફ્લેટ રેસી/ કોમર્શીયલ બિલ્ડીંગમાં- (દલાલ માફ) ભવાની એસ્ટેટ ૯૯૯૮૯૩૪૧૫૪ (835)

**વેચવાની છે / ભાડે**
આપવાની છે સુરતના અડાજણમાં પ્રાઈમ લોકેશન, એલ.પી.સવાણી રોડ પર, સ્ટારબજારની પાછળ, ક્રોમાની ઉપર ''પ્રોટોન પ્લસ'' બિલ્ડીંગમાં ઓફિસ વેચવાની છે/ ભાડે આપવાની છે. (૧૦૦૦ સ્કેફુટ- સુપર બિલ્ટઅપ) સંપર્ક: કવન દેસાઈ મો. ૭૮૭૪૯૬૦૬૧૩

**વ્યવસાયીક ક્લાસીસ**

**સંગીત શીખો**
કેશીયો તબલા હાર્મોનિયમ અમારા ક્લાસમાં તેમજ આપના ઘરે આવી શીખવીશું મળો:- 9825944456 (818)

**મિલ્કત ભાડેથી**

**ન્યુ ડીમાર્ટ**
જહાંગીરાબાદ પાસે 3 BHK ફ્લેટ ભાડે આપવાનો છે. M: 9898685968 (826)

**ભાડેથી- દુકાન**
રાંદેર મેઈન રોડ ટચ S.M.C ઝોન ઓફિસ સામે 30X૧૦ ની દુકાન મેડીકલ- સેલુન માટે ભાડેથી આપવાની છે (દલાલ માફ)- ભવાની એસ્ટેટ ૯૯૯૮૯૩૪૧૫૪ (833)

**લગ્ન વિષયક**

**સુરત રહેતી**
29 વર્ષની SC કાસ્ટ ડોક્ટર યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે સમકક્ષ પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI પાત્રો આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી (નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*